સશિપ/ફેબ્રુ૦૧/૩૫૦

## બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા
# સત્સંગ પ્રાજ્ઞ : પ્રથમ ખંડ
## પ્રશ્નપત્ર - ૧

સવારે ૯ થી ૧૨]    રવિવાર, ૧૮ ફેબ્રુઆરી, ૨૦૦૧    કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**('વચનામૃત'ના આધારે)**

**પ્ર.૧. (અ) નીચેનામાંથી કોઈપણ ત્રણ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદ્દાસર નોંધ લખો.** ૨૧

૧. અતિશય નિર્દોષ થવાનો ઉપાય - ગ.પ્ર.૨૪.
૨. ભગવાન અક્ષરધામ, મુક્તો અને ઐશ્વર્ય સાથે પૃથ્વી પર પધારે છે - વિવેચન કરો.
૩. એકાંતિકના ધર્મમાં સ્થિતિ થઈ હોય તે થકી જ એકાંતિકનો ધર્મ પમાય છે.
૪. ભગવાન અખંડ નિવાસ કરીને રહે તેવા સંતની સમજણ તથા લક્ષણો.
૫. જે ભક્તને ચાર ગુણમાંથી જે ગુણની ન્યૂનતા હોય તો ભગવાનના એકાંતિક ભક્તની સેવા-સમાગમ કરીને તે ન્યૂનતાને ટાળવી.

**(બ) નીચેનાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો.** ૧૫

૧. પાંચ ઇન્દ્રિયો દ્વારે............. પણ અંતઃકરણ નથી.
૨. પોતપોતાના વર્ણાશ્રમનો જે.............. અતિશય પ્રસન્નતા થાય છે.
૩. માટે દેહને દેહના સંબંધી............. સાધુ કહેવાય છે.
૪. અને ઇન્દ્રિયોરૂપ જે મનની................. દિન દિન પ્રત્યે વૃદ્ધિ પામે.
૫. ત્યારે પણ એવા મરમને ....................... લેશમાત્ર ફેર સમજતા નથી.

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય ઉપર અભ્યાસક્રમના 'વચનામૃત'નો ક્રમાંક નોંધી બે અવતરણો લખો :** ૪

૧. સંતમહિમા
૨. પંચવિષયનું ખંડન





**('સ્વામીની વાતો'ના આધારે)**

**પ્ર.૨. (અ) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૫

૧. મહારાજ તો વાદી, ફૂલવાદી કરતાં શ્રેષ્ઠ છે તેમ શા માટે કહ્યું ?
૨. અંતર ધગી ન જાય તેનો ઉપાય જણાવો.
૩. 'આ ફૂલ સુધી કોઈ પૂગતા નથી.' આમ કહી સ્વામી શું સૂચવે છે ?
૪. મુક્તાનંદ સ્વામીના કાંડામાં કેટલું બળ છે ?
૫. જીવ ક્યારે બ્રહ્મરૂપ થયા વિના ન રહે ?

**(બ) કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધી ખાલી જગા પૂરો.** ૫

૧. ................ દ્વારા સેવે એવા તો કૃપાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામી જેવા છે. (દૃષ્ટિ, વૃત્તિ, શબ્દ)
૨. સ્વામિનારાયણે આ પૃથ્વી ઉપર આવીને .............. રોપ્યા છે. (ચાર પુરુષાર્થ, પાંચ પગ, અગિયાર નિયમ)
૩. .............. માં ભંગ પાડશે ત્યારે આવા સાધુ પાસે નહીં બેસાય. (આજ્ઞાઉપાસના, ધર્મ, નિશ્ચય)
૪. જેને જેટલું ભૂંડું ............ છે તેટલું અજ્ઞાન છે. (ચિંતવન, આચરણ, અંતઃકરણ)
૫. ................ થાય તો માયાના પેચમાં ન આવે. (ખરેખરું જ્ઞાન, ખરેખરું ધ્યાન, ખરેખરું સેવન)

**(ક) નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર વિસ્તૃત નોંધ લખો** ૧૦

૧. સંત મહિમા    ૨. સ્વરૂપાનંદ સ્વામીની સમજણ
૩. જીવનું જીવન

**('બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત' વિસ્તૃત જીવન ચરિત્રના આધારે)**

**પ્ર.૩. (અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** ૨૦

૧. મહુવામાં યજ્ઞપુરુષદાસજીએ કરાવેલું ભગતજીનું સ્વરૂપદર્શન
૨. અક્ષરબ્રહ્મના મહિમાની પ્રાગજી ભક્તની મોરલી
૩. ભગતજીની ઉપદેશ શૈલી, સચોટતા અને પ્રભાવ

**(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષય પર નોંધ લખો.** ૨૦

૧. વિહારીલાલજી મહારાજને ભગતજી પ્રત્યે સદ્‌ભાવ
૨. ખાનદેશમાં ભગતજીનો પ્રભાવ
૩. જૂનાગઢમાં ભગતજીનું અભૂતપૂર્વ સન્માન
૪. ભગતજીએ ગુણાતીતાનંદ સ્વામી પાસે માગેલા વરદાન

✿ ✿ ✿